# ગુરૂગ્રંથસાહેબ સાથેની શીખ ધાર્મિક યાત્રાનું શહેરમાં શાનદાર સ્વાગત

## શીખોના પ્રથમ ધર્મગરૂ નાનકદેવની ૫૫૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત ધાર્મિક યાત્રામાં મોટી સંખ્યામાં શીખ શ્રદ્ધાળુઓએ જોડાયાં : શહેરની ધાર્મિક સામાજિક, સાંસ્કૃતિક અને રાજકિય સંસ્થાઓએ સ્વાગત કર્યુ






ગાંધીનગર, તા. ૨૬

શીખ ધર્મના પ્રથમ ગુરૂનાનકદેવજીની ૫૫૦મી જન્મજયંતિ નિમિત્તે તેમના જન્મસ્થાન નનકાના સાહિવાથી પ્રારંભ થયેલી ધાર્મિક યાત્રા આજે બપોરે ૧ કલાકે ગાંધીનગર આવી પહોંચી હતી. આ યાત્રાનું શહેરમાં વિવિધ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકિય સંસ્થાઓ દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક યાત્રામાં પવિત્ર ગુરૂગ્રંથસાહેબની પાલખી ઉપરાંત ગુરૂનાનકદેવે ઉપયોગમાં લીધેલા ઐતિહાસિક શસ્ત્રો અને શાસ્ત્રો સહિતની સામગ્રીના પણ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા. યાત્રામાં ડીજે સાઉન્ડ પર ભક્તિસંગીત સાથે ખુલ્લી જીપો અને મોટરસાયકલ સવારોએ જમાવટ કરી હતી.

શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક કમિટી દ્વારા આયોજિત યાત્રામાં મોટી સંખ્યામાં શીખ શ્રદ્ધાળુઓ જીપ, બસ, કાર, મોટરસાયકલ સહિતના વિવિધ વાહનો સાથે શીખ ધર્મના ધાર્મિક ચિહ્ન અંકિત કરેલા કેસરી રંગના ધ્વજ સાથે જોડાયા હતા અને ગુરૂનાનકદેવનો જય જયકાર કર્યો હતો. ગુરૂનાનકદેવ પ્રકાશ પર્વ નિમિત્તે આયોજિત આ ધાર્મિક યાત્રાનું સરગાસણ ચાર રસ્તા, ઘ-૦ સર્કલ, ચ-૦ સર્કલ, સેક્ટર-૮, ચ-૩ સર્કલ, જિલ્લા પંચાયત, ચ-૫ સર્કલ, પંચદેવ મંદિર તથા ચ-૭ એરફોર્સ સર્કલે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગરના શીખ સમુદાય તથા ગુરૂદ્વારા પ્રબંધક કમિટી, શહેર ભાજપ અગ્રણીઓ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સમસ્ત રાજસ્થાન સમાજ, પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચ, સિંધી પંચાયત તથા શહેરના ઉચ્ચ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓએ યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. સે. ૩૦ ના ચ-૭ સર્કલે વિરામ બાદ યાત્રા ચિલોડા તરફ આગળ વધી હતી જ્યાંથી ઉદેપુર તરફ રવાના થઈ હતી.

# જિલ્લા કોંગ્રેસની કારોબારી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

એક તરફ ભારતીય જનતા પાર્ટી અને તેના આગેવાનો ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા લોકોનું ફક્ત મોરંજન કરતા હોય તેવુ ચિત્ર સમગ્ર દુનિયામાં ઉપસ્યુ છે. દેશનું અર્થતંત્ર દિવસે-દિવસે ઊંડી ખાઈમાં ધકેલાઈ રહ્યું છે. એટલે જેમ કે રોમ ભડકે બળતું હોય અને નીરો વાંસડી વગાડે તેવો ઘાટ નરેન્દ્રભાઈ અને તેમની ઈવેન્ટ મેનેજમેન્ટ ટીમ ઘડી રહી છે. તેવા વખતે પ્રજાજનોની સમસ્યાઓના ઉકેલ માટે અને મુશ્કેલી માટે બહાર લાવવાની વાત સાથે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક આજરોજ તા. ૨૬-૯-૧૯ના રોજ બપોરે ૨.૩૦ કલાકે જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કારોબારી બેઠકમાં પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણાએ કાર્યકરોને આગામી જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટે કટીબદ્ધ રહેવા તાકીદ કરી હતી. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર કાર્યક્રમોનુ કેલેન્ડર તૈયાર કરી તે પ્રોગ્રામોનું સફળ આયોજન કરી આગામી જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં જોતરાઈ જવા કાર્યકરોને આહવાન કર્યુ હતુ. બેઠકમાં પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીના ૭૫માં જન્મજયંતિ વર્ષની ઉજવણી અંગે, મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ અંગે, ભારતના પૂર્વ વડાપ્રધાન મનોહનસિંહને તેમના જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવતો ઉપરાંત કોંગ્રેસ પક્ષના કાર્યક્રમો તેમજ વિવિધ સંગઠનોની પુનઃ રચના તથા જિલ્લા પંચાયતની બેઠક દિઠ કાર્યક્રમ અંગેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. કારોબારીમાં પ્રદેશ નિરીક્ષકો વંદનાબેન પટેલ, મંદાકીનીબેન પટેલ, જશુભા રાણા, પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, ભરતભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, ભાવિનસિંહ ઠાકોર, એલ.એન. પરમાર, નરેશકુમાર ઠાકોર, બેચરજી ઠાકોર, જગતસિંહ ઝાલા, દિનુભાઈ ઠાકોર, ગીતાબેન પટેલ, તાલુકા તથા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ સેલ-ડીપ્રાટમેન્ટના પદાધિકારીઓ સહિત સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.




### આગામી શનિ-રવિ સહિત તમામ જાહેર રજાના દિવસોએ

# રાજ્યની તમામ આર.ટી.ઓ.- એ.આર.ટી.ઓ. કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રહેશે

## કચેરીઓમાં લર્નિંગ લાયસન્સ-ડ્રાયવીગ લાયસન્સ સહિતની તમામ સેવાઓ ઉપલબ્ધ કરાવાશે

ગાંધીનગર, તા.૨૬

વાહન વ્યવહાર મંત્રી શ્રી આર.સી.ફળદુની સૂચનાનુસાર નાગરિકોના હિતમાં રાજ્યની તમામ આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ. કચેરીઓ રાબેતા મુજબ તા.૨૮ અને ૨૯ સપ્ટેમ્બર-૨૦૧૯ શનિવાર-રવિવાર સહિતની આગામી તમામ જાહેર રજાઓમાં ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અન્ય હુકમ ન મળે ત્યાં સુધી આ કચેરીઓ જાહેર રજાના દિવસે પણ ચાલુ રાખવામાં આવશે. આ રજાઓ દરમિયાન સંબંધિત કચેરીમાં વાહનની તમામ અને અગાઉથી ઓન લાઈન એપોઈનમેન્ટ લીધી હોય તેવા લર્નિંગ લાયસન્સ અને ડ્રાયવીંગ લાયસન્સ સહિતની તમામ સેવાઓ આ દરમિયાન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મોટરવાહન અધિનિયમ (સુધારા)-૨૦૧૯ તથા આનુષાંગિક નિયમોના કારણે જાહેર જનતામાં લાયસન્સ, આર.સી. બુક, પી.યુ.સી., એચ.એસ.આર.પી. નંબર પ્લેટ વિગેરે બાબતે ઘણી જાગૃતિ આવી છે. આ પ્રકારની અરજીઓનો નિકાલ માટે તથા સેવા મેળવવા નાગરિકોએ વધુ સમય આપવો પડે છે તેના ઝડપી ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૬

રાજ્યના મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણમાં રજુઆત કર્તા-નાગરિકો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી લોકપ્રશ્નોના ત્વરીત નિવારણ માટે તાકીદ કરી છે.


આજે ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં લોકહિતના પ્રશ્નોને તેઓએ સાંભળીને કહ્યું કે, સામાન્ય નાગરિક, ગરીબ, વંચિત નાગરિકોને પોતાની સમસ્યાની રજુઆત માટે સ્થાનિક સ્તરે જ નિવારણ આવે તેવું સૌ સંબંધિત અધિકારીઓએ દાયિત્વ નિભાવવું પડશે.

મંત્રીશ્રી સમક્ષ આજે જમીન, રસ્તા, ગંદકી, ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી એકટના ભંગ, ગંદકી, દબાણ સહિતના આઠ જેટલા પ્રશ્નોની રજુઆત નાગરિકોએ કરી હતી.

આ સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર તથા સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હેં કાકા... ઓલા ટ્રમ્પે આમને ફાધર ઓફ નેશન કહીને આપણને બે-બાપના કીધા...???




અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બી આર આઈ, અડાલજ ખાતે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદ દ્વારા પ્રાયોજિત ફાર્મસી વીક નું તારીખ ૨૩-૯-૨૦૧૯ થી ૨૭-૯-૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસ ૨૩/૦૯/૧૯ ના રોજ ડો. વૃંદા શાહ અને ડો. હિરલ શાહના નેતૃત્વ હેઠળ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

# સિનિયર સિટીઝન કલબ ચિલોડા-ગાંધીનગર દ્વારા એક દિવસનો મુંબઈ દર્શન પ્રવાસ યોજાયો




ગાંધીનગર, તા.૨૬

સિનિયર સિટીઝન કલબ ચિલોડા-ગાંધીનગર દ્વારા એક દિવસીય મુંબઈ પ્રવાસનું આયોજન કરાયું હતું. આ મુંબઈ દર્શન પ્રવાસમાં અમદાવાદથી મુંબઈ વિમાની મુસાફરીમાં ૫૦ યાત્રિકોએ સૌ પ્રથમ મુસાફરીનો અનુભવ માણ્યો હતો. આ પ્રવાસમાં સિનિયર સિટીઝનોમાં ચિલોડા-૨૩, લવારપુર-૨, ડભોડા-૫ તથા ગાંધીનગરના ૨૦ સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સમગ્ર દિવસ દરમિયાન મુંબઈ ખાતે સિધ્ધ વિનાયક મંદિર ગેટવે ઓફ ઈન્ડિયા, તાજમહેલ હોટલ, ગીરગાઉ ચોપાટી, બાંદરા વરલી સી લિંક, નરીમન પોઈન્ટ, સ્વામિનારાયણ મંદિર, મહાલક્ષ્મી મંદિર, જુહુ બીચ, મરીન ડ્રાઈવ, યુએસ એમ્બેસી વગેરેની મુલાકાત કરી હતી. રાત્રે ૧૧.૨૫ કલાકે મુંબઈથી અમદાવાદ દુરન્ટો એકસપ્રેસ દ્વારા કાલુપુર રેલવે સ્ટેશને પરત આવી પહોંચ્યા હતા. સમગ્ર પ્રવાસનું આયોજન સુધાબેન પટેલ, ઘનશ્યામભાઈ બારોટ, વિમળાબેન અયાચી, નટુભાઈ પટેલ (ચિલોડા) દ્વારા કરવામાં આવ્યું હતું.